ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૧૪૨૨-૧૪૮૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૧૬/૦૩/૨૦૧૯

પ્રતિ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ દ્વિતીય સત્ર પરીક્ષાના ધોરણ - ૩ થી ૮ ના તમામ વિષયોના સમાન પરીક્ષા સમયપત્રક અને તે અંગે જરૂરી સૂચનો બાબત.

સંદર્ભઃ- (૧) નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર અને સચિવશ્રી (પ્રા. અને માધ્ય. શિક્ષણ) સાથે તા.૧૩/૦૩/૨૦૧૯ ના રોજ થયેલ ચર્ચામાં મળેલ સુચના.
(૨) સચિવશ્રી (પ્રા.અને માધ્ય. શિક્ષણ) ની સીંગલ ફાઈલ પરત તા.૧૫/૦૩/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, એન.સી.એફ.-૨૦૦૫ અને આર.ટી.ઇ.-૨૦૦૯ માં જણાવ્યા અનુસાર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીને બદલે સમજણપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત કરે તે જરૂરી છે. આ પ્રકારનું જ્ઞાન વિદ્યાર્થીઓ મેળવે તો પાઠ્યપુસ્તકોનો હેતુ જળવાઇ રહે. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યના પ્રશ્નો હોવા જોઇએ. આ બાબતને ધ્યાને લઇને રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે દ્વિતીય સત્ર પરીક્ષાનાં ધોરણ- ૩ થી ૮ ના તમામ વિષયોના પ્રશ્નપત્રો આપના જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન મારફત આપને આપવામાં આવશે. પ્રશ્નપત્રોનું પ્રિન્ટીંગ પ્રતિ વર્ષની માફક જિલ્લા કક્ષાએથી જ કરવાનું રહેશે.

જીસીઇઆરટી તરફથી પ્રકાશિત કરવામાં આવતા જીવનશિક્ષણના સપ્ટેમ્બર- ૨૦૧૮ ના અંકમાં ધોરણઃ ૩ થી ૮ ના વિષયોની બ્લ્યૂ પ્રિન્ટ આપવામાં આવેલ છે. સામાન્ય રીતે આ બ્લ્યૂ પ્રિન્ટને આધારે પ્રશ્નપત્રોનું નિર્માણ કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં દ્વિતીય સત્ર પરીક્ષાના ધોરણ- ૩ થી ૮ ના તમામ વિષયોની પરીક્ષાનો કાર્યક્રમ નીચે મુજબ છે.

<u>દ્વિતીય સત્ર મૂલ્યાંકનનો કાર્યક્રમ – ૨૦૧૯ (ધોરણઃ ૩ થી ૮ )</u>

| ક્રમ | તારીખ | વાર | ધોરણ | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૮-૦૪-૨૦૧૯ | સોમવાર | ૩ થી ૫ | ગણિત | ૭-૧૫ થી ૯-૧૫ | ૪૦ |
| | | | ૬ થી ૮ | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૮૦ |
| ૨ | ૦૯-૦૪-૨૦૧૯ | મંગળવાર | ૩ થી ૮ | ગુજરાતી | ૭-૧૫ થી ૯-૧૫ | ૪૦ |
| | | | ૬ થી ૮ | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૮૦ |
| ૩ | ૧૦-૦૪-૨૦૧૯ | બુધવાર | ૩ થી ૫ | પર્યાવરણ | ૭-૧૫ થી ૯-૧૫ | ૪૦ |
| | | | ૬ થી ૮ | વિજ્ઞાન | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૮૦ |
| ૪ | ૧૧-૦૪-૨૦૧૯ | ગુરૂવાર | ૩ થી ૫ | અંગ્રેજી | ૭-૧૫ થી ૯-૧૫ | ૪૦ |
| | | | ૬ થી ૮ | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૮૦ |
| ૫ | ૧૨-૦૪-૨૦૧૯ | શુક્રવાર | ૩ થી ૫ | હિન્દી | ૭-૧૫ થી ૯-૧૫ | ૪૦ |
| | | | ૬ થી ૮ | | ૯-૩૦ થી ૧૨-૩૦ | ૮૦ |
| ~~૬~~ | ~~૧૩-૦૪-૨૦૧૯~~ | ~~શનિવાર~~ | ~~૬ થી ૮~~ | ~~સંસ્કૃત~~ | ~~૭-૧૫ થી ૧૦-૧૫~~ | ~~૮૦~~ |
| ૭ | ૧૫-૦૪-૨૦૧૯ | સોમવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૭-૧૫ થી ૧૦-૧૫ | ૮૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | ૨૬-૦૪-૨૦૧૯ | શુક્રવાર | ૩ થી ૮ | શારીરિક શિક્ષણ | શાળાની તેમજ વિદ્યાર્થીઓની સંખ્યાની જરૂરિયાત મુજબ | - |
| ૯ | ૨૭-૦૪-૨૦૧૯ | શનિવાર | ૩ થી ૮ | ચિત્રકલા | | - |
| ૧૦ | ૨૯-૦૪-૨૦૧૯ | સોમવાર | ૩ થી ૮ | સંગીત/કાર્યાનુભવ | | - |

ઉપરોક્ત કાર્યક્રમ અનુસાર લેવાનારી દ્વિતીય સત્ર પરીક્ષા દરમિયાન નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

1. જે શાળામાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં તમામ ધોરણની તમામ વિષયની પરીક્ષા ગુજરાતી માધ્યમમાં આપેલ સમયપત્રક મુજબ જ યોજવાની રહેશે.
2. પરીક્ષા સમય પત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા આપેલ હોય તો રજા રદ કરી સમયપત્રક અનુસારે પરીક્ષા લેવાની રહેશે.
3. પરીક્ષાની ગંભીરતા અને ગોપનીયતા જળવાય તે માટે આપની જવાબદારી રહેશે.
4. પેપરના પ્રૂફ, ભાષાશુદ્ધિની જવાબદારી જિલ્લા શિક્ષણ સમિતિ/કોર્પોરેશનની રહેશે.
5. <u>ધોરણ 3 અને 4 માં વિદ્યાર્થીઓએ ઉત્તરો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે.</u>
6. <u>ધોરણ 5, 6, 7 અને 8 ના વિદ્યાર્થીઓએ ઉત્તરો અલગ ઉત્તરવહીમાં પેનથી લખવાના રહેશે.</u>
7. શારીરિક શિક્ષણ, કલા જેવા વિષયોની પરીક્ષાનાં ટુલ્સ શાળાકક્ષાએથી તૈયાર કરવાનાં રહેશે.
8. સામાજિક વિજ્ઞાનમાં ધો. ૬ માં ગુજરાત, ધો.૭ માં ભારત અને ધો.૮માં વિશ્વના નકશામાં વિગતો ભરવાના પ્રશ્નનો સમાવેશ કરવામાં આવશે. જેના માટે જરૂરી બ્લેંક નકશાઓની વ્યવસ્થા સ્થાનિક કક્ષાએ કરવાની રહેશે. ગણિતના વિષયમાં આલેખપત્રની વ્યવસ્થા કરવાની રહેશે.
9. પરીક્ષા દરમ્યાન જે તે શાળામાં દર પાંચ બ્લોકદીઠ (પરીક્ષાખંડ દીઠ) અન્ય શાળાના એક શિક્ષકને નિરીક્ષકની કામગીરી સોંપવાની રહેશે. સામાન્ય સંજોગોમાં નિરીક્ષકોની ફેરબદલી કરતી વખતે પગાર કેન્દ્ર બહાર શિક્ષકોને ન જવું પડે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે.
10. પરીક્ષાની જવાબવહીઓનું બાહ્ય મૂલ્યાંકન કરાવવાનું રહેશે એટલે કે જે તે શાળાના શિક્ષકના બદલે અન્ય શાળાના તે ધોરણ/વિષય ભણાવતા શિક્ષક દ્વારા શિક્ષકને લેખિત હુકમ કરી મૂલ્યાંકનની કામગીરી સોંપવાની રહેશે. કામગીરીની ફાળવણી આ મુજબ ફાળવણી કરી શકાય.
   - કોઈ "એ' શાળામાં ધો-૩ થી ૮ ના વિદ્યાર્થી છે અને ધો-૩ ના ગણિત, ગુજરાતી અને પર્યાવરણ ત્રણ વિષય છે તો ધો-૩ નો ગુજરાતી વિષય "બી" શાળાના શિક્ષકને, ગણિત વિષય 'સી" શાળાના શિક્ષકને અને પર્યાવરણ વિષય "ડી" શાળાના શિક્ષકને મૂલ્યાંકન માટે આપી શકાય. આજ રીતે અન્ય ધોરણના વિષય પણ અલગ અલગ શાળાના શિક્ષકોને ફાળવી શકાય.
   - નિરીક્ષકોની ફાળવણી અને બાહ્ય મૂલ્યાંકનની ફાળવણીની કામગીરીના હુકમો તથા વિગતવાર આયોજન કરવાની જવાબદારી સંબંધિત તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહે છે. તેઓ પગાર કેન્દ્ર શાળાના આચાર્યએ આ માટેના રજીસ્ટર નિભાવવનના રહેશે. જેથી ઉત્તરવહીઓ તથા તેની સંખ્યામાં કોઈ વિસંગતતા ઉભી ન થાય. પગાર કેન્દ્રની અંતર્ગત આવતી શાળાઓમાં મધ્યસ્થ મૂલ્યાંકન પણ ગોઠવી શકાય.
   - સમગ્ર જિલ્લામાં પરીક્ષા શરૂ થવાના ત્રણ દિવસ અગાઉ સૂચના અનુસાર આયોજન થયેલ છે કે કેમ તેનો રીવ્યુ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ કરવાનો રહેશે, અને કોઈ જગ્યા કોઈ મુશ્કેલી કે વિસંગતતા હોય તો તે દૂર કરવાની રહેશે.
11. ઉત્તરવહીઓની સોંપણી પરીક્ષા પૂર્ણ થયે તે દિવસે અથવા મોડામાં મોડા બીજા દિવસે સંબંધિત મૂલ્યાંકનકારને પહોંચે તે માટે પગાર કેન્દ્ર શાળામાં આપવાની જવાબદારી જે તે શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

12. ઉત્તરવહીઓની ચકાસણી કરનાર મુલ્યાંકનકારે ઉત્તરવહી મળેથી વધુમાં વધુ પાંચ દિવસમાં ઉત્તરવહીઓની યોગ્ય અને પારદર્શી રીતે ચકાસણી કરી સબંધિત શાળાના મુખ્ય શિક્ષકને પહોંચાડી દેવાની રહેશે. સમયમર્યાદામાં ઉત્તરવહીઓની ચકાસણી થાય, કોઈ ઉત્તરવહી ગુમ ન થાય તેની કાળજી લેવાની રહેશે.

13. આ પરિણામની ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. તે માટેની કાર્યક્રમ અને તેની વિગતવાર સૂચનાઓ સમગ્ર શિક્ષા અભિયાન મારફને અલગથી આપવામાં આવશે. જેનુ ચુસ્તપણે પાલન કરી સમયમર્યાદામાં ડેટા એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ ઉપરાંતની અન્ય તમામ જરૂરી સૂચનાઓ આપની કક્ષાએથી જિલ્લામાં આપવાની રહેશે.

નિયામક
જી.સી.ઈ.આર.ટી.
ગુ.રા. ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ જાણ સારૂ:-</u>

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.મંત્રી શ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવ શ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક ૫/૭, સરદાર પટેલ ભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર,
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ